અંક-૧ વર્ષ : ૨૦૧૪-૧૫ ત્રિમાસિક

# અભિનવ શિક્ષણ

## પ્રવર્તમાન શિક્ષણમાં પ્રવર્તતી નવી ક્ષિતિજોનો સમન્વય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
એફ.સી.આઈ. ગોડાઉન સામે, લાલપુર રોડ, દરેડ, જામનગર.
ફોન : ૦૨૮૮ ૨૭૩૦૧૭૭, ફેક્સ : ૦૨૮૮ ૨૭૩૦૩૩૫,
ઈ-મેઈલ : diet.jamnagar@yahoo.com

• અધ્યક્ષ •
શ્રી બી. પી. ગઢવી
પ્રાચાર્ય

• તંત્રી •
પ્રફુલ્લાબા જાડેજા

• સહતંત્રી •
સુરભિબેન પંડ્યા

• સંપાદક મંડળ •
અધ્યાપક – તમામ
ડાયટ – જામનગર

• પ્રકાશન •
જિલ્લા શિક્ષણ અને
તાલીમ ભવન
જામનગર

• આપના પ્રતિભાવ મોકલો •
abhinavshikshan.jamnagar@gmail.com



## માનનીય કલેકટરશ્રીની અધ્યક્ષતામાં PAC બેઠક

તા. ૨૧/૦૭/૨૦૧૪ના રોજ માનનીય કલેકટરશ્રીની અધ્યક્ષતામાં તથા માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ઉપાધ્યક્ષતા હેઠળ કાર્યક્રમ સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નિયામકશ્રી વિકસતી જાતિ, પછાત જાતિ કલ્યાણ અધિકારીશ્રી તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહયા હતા. આ બેઠકમાં શિક્ષણ સુધારણા વિશે ચર્ચા થઈ હતી. આ બેઠકમાં કન્વીનર સ્થાને ભવનનાં પ્રાચાર્ય શ્રી બી. પી. ગઢવી સાહેબ રહયા હતા. તથા સમગ્ર બેઠકનું સંચાલન અને વ્યવસ્થા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની આયોજન અને વ્યવસ્થાપન શાખાનાં લેકચરર શ્રીમતી સુરભિ એમ. પંડયાએ કર્યું હતું.

# અનુક્રમણિકા


| | |
|---|---|
| અધ્યક્ષની કલમે | ૨ |
| કાઠિયાવાડના પેરિસ વિશે | ૩ |
| સંસ્થા સમાચારમાં | ૪ |
| શિક્ષણ નવી નજરે | ૫ |
| બાલ દેવો ભવઃ | ૬ |
| કચકડે કંડારેલી પ્રવૃત્તિઓ | ૭ |
| ગુરવે નમઃ | ૮ |
| વીણેલા મોતી | ૯ |


## અધ્યક્ષની કલમે.....

નમસ્કાર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગર ધ્વારા ઈ–મેગેઝીન તૈયાર કરવામાં આવી રહયું છે. ત્યારે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર દ્વારા હાથ ધરવામાં આવતી ગુણવતા સુધારણાની પ્રવૃતિઓ શાળા જગત સુધી પહોંચાડતાં આનંદની લાગણી થાય છે. શિક્ષણ જગતમાં ગુણવતા સુધારણા માટેના પ્રયાસો, બાળકોને શાળામાંસ્વસ્થત ચિતે અભ્યાસ કરતા કરવાના આપણે સૌએ હાથ ધરવાની વાતને સુદ્દઢ બનાવવાની છે. આજનો આપણો વિદ્યાર્થી આવનાર પરિવર્તનો અને શૈક્ષણિક સાધનોના ઉપયોગ ધ્વારા ઉતમ ગુણવતા હાંસલ કરે એ ખાસ જરૂરી છે. તો ચાલો આપણે આ દિશામાંપ્રયાસ કરી દરેક વિષયને આપણો વિદ્યાર્થી આનંદ, હર્ષ, ઉત્સાહથી શીખતો થાય એવા સ્તુત્ય પ્રયત્ન કરીએ.

પ્રચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જામનગર.



# કાઠિયાવાડના પેરિસ વિશે.....



લાખોટા તળાવ – જામનગર

આજનો જામનગર જિલ્લો એટલે કે ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજયનો 'હાલાર પ્રદેશ' જેની સ્થાપના શ્રી જામ–રાવલે આજથી આશરે 446 વર્ષ પૂર્વે કરેલ. જેને નવો ઓપ જામશ્રી રણજિતસિંહે ઈ.સ. 1909 થી ઈ.સ. ક્ષઠઘ×નાં ગાળામાં આપ્યો. એ સમયે તે નવાનગર સ્ટેટ તરીકે ઓળખાતું. ઈ.સ. ક્ષઠપઠ માં ઓખામંડળ અમરેલી જિલ્લામાંથી રદ થઈ જામનગર જિલ્લામાં જોડાયું. આમ, જામનગર જિલ્લાનો વિસ્તાર વધ્યો. નવાનગર સ્ટેટની સ્થાપના કરનાર શ્રી જામરાવલથી માંડીને છેલ્લા રાજા શ્રી શત્રુશલ્યજી સુધીનાં ૨૨ રાજવીઓ પ્રજાનાં હૃદયમાં સ્થાન પામ્યા છે. આ રાજવીઓ પૈકી શ્રી જામ–વિભાજીને તો લોકો ભગવાનની જેમ પૂજતા. આયુર્વેદમાં નામાંકિત ઝંડુ ફાર્મસીના સ્થાપક ઝંડુ ભટ્ટજી શ્રી જામવિભાજીનાં રાજવૈદ હતા. નવાનગર સ્ટેટના એકવીસમાં રાજવી જામ રણજિતસિંહજીના ક્રિકેટપ્રેમને કારણે રણજી ટ્રોફી આજે પણ રમાય છે. રાજવીઓએ જામનગરને એવું સુંદર રીતે વિકસાવેલ હતુંકે તે જૂના સમયમાં'સૌરાષ્ટ્રનું પેરિસ' અને 'ધ જવેલ ઓફ કાઠિયાવાડ' ગણાતું. જામનગરમાં મંદિરોની સંખ્યા ખૂબ જ વધારે હોવાથી તેને છોટી કાશી તરીકે ઓળખવામાંઆવે છે

## વર્ષ : ૨૦૧૩–૧૪માં થયેલ વિવિધ કાર્યક્રમો, તાલીમો, નવતર પ્રયોગો, પ્રવૃત્તિઓ

- વસતી સભાનતા અને તારૂણ્ય શિક્ષણ અંગેનું દસ્તાવેજીકરણ
- ગણિત–વિજ્ઞાન પ્રદર્શન અંગેનું દસ્તાવેજીકરણ
- વાર્ષિક આયોજન અને બજેટ
- સભા સંચાલન અંગેની પુસ્તિકા
- ઈનોવેશન પ્રવૃતિ સેમિનાર
- રોજીંદા જીવનમાં અંગ્રેજીના ઉપયોગ અંગેનો તાલીમ વર્ગ
- કિશોરીમેળા પરામર્શન કાર્યશાળા
- મહિલા સશકિતકરણ અંગેનો તાલીમ વર્ગ
- વિશિષ્ટ દિનની ઉજવણી
- આઈસીડીએસ વર્કર્સની વ્યાવસાયિક સજ્જતા તાલીમ
- પીએસી બેઠક
- એમટીઝ તાલીમ ફેઈઝ – ૧ અને ૨
- નવનિયુકત વિદ્યાસહાયકની તાલીમ માટે એમટીઝ તાલીમ વર્ગ
- નવનિયુકત વિદ્યાસહાયક તાલીમ વર્ગ
- સંશોધનનાં તારણો અંગેનો શેરીંગ વર્કશોપ
- પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશિબિર
- વિવિધ ઓપરેટીંગ સિસ્ટમ અને UBUNTU ના પરિચય અંગેનો તાલીમ વર્ગ
- શૈક્ષણિક સોફટવેર અવેરનેસ અંગેનો તાલીમ વર્ગ
- સ્કુલ એડોપ્શન પ્રોજેકટ
- વ્યસન મુકત શાળા અને સમાજ પ્રોજેકટ
- નવનિયુકત વિદ્યાસહાયક તાલીમ મોડયુલ
- રમતોત્સવ જિલ્લા કક્ષાનો
- ગણિતઅવિજ્ઞાન પ્રદર્શન
- બાળ મેળો
- સ્થાનિક સાહિત્ય નિર્માણ તાલીમ વર્ગ
- હેડ ટીચર્સ કેપેસિટી બિલ્ડીંગ વર્કશોપ
- રીસોર્સ સેન્ટર ફોર આર્ટ એન્ડ ક્રાફટ
- શારીરિક શિક્ષણ વિષય સજ્જતા તાલીમ વર્ગ
- પ્રવૃતિલક્ષી શિક્ષણ તાલીમ વર્ગ
- ઈંગ્લીસ કવીઝ અંગેનો તાલીમ વર્ગ
- હેડ ટીચર તાલીમ ડોકયુમેન્ટેશન
- જિજ્ઞાસાવૃતિ અંગેનું તાલીમ મોડયુલ નિર્માણ વર્કશોપ

## ઈનોવેશન સેલમાં પસંદ થયેલ નવતર પ્રયોગ

(૧) નામ : રાજેશકુમાર જી. બરોચિયા

ઈનોવેશન : મીની એનીમેશન સ્ટુડિયો

શાળા : શ્રી ધોરિયાનેશ પ્રાથમિક શાળા (સતાપર)

તા. જામજોધપુર, જી. જામનગર

બાળકોનું ધ્યાન કેન્દ્રિત કરવા તેમજ તેમનો રસ વધારવા માટે જે મુદા શીખવાડવાના હોય તેની નાની ફિલ્મ બનાવો. આ કાર્ય મોબાઈલ ફોન કે સાદા કેમેરાની મદદથી પણ કરી શકાય.

---

(૨) નામ : કિરણકુમાર બાલકૃષ્ણ અગ્રાવત

ઈનોવેશન : કોન બનેગા કરોડપતિ

શાળા : શ્રી જામદુધઈ તાલુકાશાળા, તા. જોડિયા, જી. જામનગર

બાળકોમાં પૂછપરછ કરવાનો ઉત્સાહ અને ઉચ્ચ કક્ષાની વિચારસરણીનો વિકાસ કરવા માટે સામાન્ય જ્ઞાનને લગતા કોયડાનું "કોન બનેગા કરોડપતિ" જેમ અને તેના જેવુંજ આયોજન તૈયાર કરવાથી બાળકો રમતા રમતા શીખે છે. આવી પ્રવૃતિ બાળકોને માટે ભાર વગરના ભણતરની વાત સાબિત કરે છે.

---

(૩) નામ : કલ્પેશભાઈ એલ. ચોટલિયા

ઈનોવેશન : રમતા રમતા શીખીએ પૂર્ણાંક સંખ્યાઓ

શાળા : શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તા. ધ્વારકા, જિ. જામનગર

જમીન પર ચોકથી દોરીને બાળકોને જમણી અને ડાબી બાજુ ઉભા રાખી ધન પૂર્ણાંક સંખ્યા અને ઋણ પૂર્ણાંક સંખ્યાઓની રમતા રમતા શીખવાની પ્રવૃતિથી ભાર વગરના ભણતરની વાત સાબિત થાય છે.

# બાલ દેવો ભવઃ

## કીડી, બગલો અને હાથી

એક હતો બગલો
નામ એનુંભગલો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
કાળો કાળો ડગલો
ડગલો પહેરે બગલો
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
બગલો બન્યો વકીલ,
કીડી બોલીઃ હુંઅસીલ !
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
હાથી સામે કરો કેસ,
ખેંચ્યા એણે મારા કેશ
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
બગલો કહે : રડ નહીં,
હાથીડાથી ડર નહીં,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
બંદા વકીલ હરી છે,
હાથીડો તો ઝીરો છે,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
પોલીસને બોલાવુંછું
જેલમાંપુરાવુંછું
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
બોલો વાત એવી થી
પછી જોવા જેવી થઈ
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
વાત સુણી ગુસ્સે થયો,
હાથી બગલા કને ગયો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
સૂંઢથી ઊંચે પહોંચાડયો,
ધડમ દઈને પછાડયો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
બગલો બોલ્યો : બાપ રે !
ખાધી મેંતૂથાપ રે !
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
કીડી, કીડી મારુંમાન,
કરી લે તુંસમાધાન,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
એકડા પછી બગડો,
હાથીડો છે તગડો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
બળીયા સામે પડીએ નહીં,
ખાલી ખોટા લડીએ નહીં,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
હાથી ભૈનાંજોઈ રુપ,
કીડી ભાગી ગુપચુપ,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !
પૂંઠે ભાગ્યો બગલો
ફેંકી દઈને ડગલો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો !

– રમેશ ત્રિવેદી

---

મેંબાળપણમાંએક વાર માને કહયું
મા કચરાવાળો આવ્યો છે
મા એ જવાબ આપ્યો
બેટા, કચરાવાળા તો આપણે છીએ
તે તો સફાઈવાળા છે



એક ચોર ચોરી કરીને ઘરમાંથી જઈ રહયો હતો;
બાળકની આંખ ખુલી ગઈ
અને બાળક બોલ્યો
'સ્કુલબેગ પણ લઈ જા કમીને
નહીંતર બુમાબુમ કરી મુકીશ !!!'

---

બાળકોને વાતોથી નહીં આચરણથી શીખવીએ કારણ કે તે અનુકરણશીલ છે




સભા સંચાલન તાલીમ વર્ગ



અંગ્રેજી તાલીમ વર્ગ



કિશોરીમેળા પરામર્શન કાર્યશાળા



એમટીઝ તાલીમ





નવનિયુકત વિદ્યાસહાયકની તાલીમ



સંશોધનનાં તારણો અંગેનો શેરીગ વર્કશોપ



જિલ્લા કક્ષાનો રમતોત્સવ



આપણે સૌ ભારતીય છીએ. આપણી સંસ્કૃતિ સૌથી પ્રાચીન અને ઉત્તમ છે. આપણી સંસ્કૃતિના અંગો સમાન શાસ્ત્રો વ્યકિતને ઉમદા જીવન કઈ રીતે જીવવું તે અંગેનો અંગુલી નિર્દેશ કરે છે. આપણા શાસ્ત્રોના રચયિતા એવા આપણા ગુરુ સમાન ઋષીઓના આપણે ભારતીય નાગરિકો કાયમ માટે આભારી છીએ. એક વાત તો આપણે સ્વીકારવી જ પડે........

સમાજને પ્રગતિના પંથે લઈ જવામાં ગુરુઓનો, મહર્ષિનો ફાળો છે. એ સમાજ પછી ભલે આશા વિનાનો, ભાષા વિનાનો કે તમાશા વિનાના આદિમાનવનો હોઈ કે પછી મોબાઈલ, ઈન્ટરનેટ કે નેનો કાર ચલાવનાર આ પ્રવર્તમાન યુગનો પ્રગતિશીલ સમાજ હોઈ.

શિક્ષક, પ્રાચીન સમયમાં જેને આપણે ગુરુ કહેતા હતા તેને અર્વાચીન સમયમાં લોકો શિક્ષક એવું નામ આપે છે. આ શિક્ષક શબ્દનો અર્થ જોઈએ તો 'શિ' એટલે 'શિસ્ત', 'ક્ષ' એટલે 'ક્ષમા', 'ક' એટલે 'કરુણા'. આ ત્રણેયનો ત્રિવેણી સંગમ અર્થાત શિક્ષક. જે વ્યકિત આવો ત્રિવેણી સંગમ ધરાવતા હોઈ તે શું ન કરી શકે ?

આ શિક્ષકમાં એ તાકાત રહેલી છે જે નાનકડા વર્ગમાંથી સ્વર્ગનું નિર્માણ કરે છે. તે સામાન્ય વ્યકિતમાંથી બાળકના વિચારોને યોગ્ય ઘાટ આપી એવો આકાર આપવાનો પ્રયત્ન કરે છે કે જેથી આવતી કાલનું બાળક સમાજ પ્રત્યે સભાન બને, દેશ પ્રત્યે દેશદાઝ રાખે, વિશ્વના બદલાતા જતા પ્રવાહોથી માહિતગાર બને અને આ પ્રવાહો જાણી તેની સાથે કદમથી કદમ મિલાવવા  સભાનતા પૂર્વક ઉત્સાહભરી દોટ મૂકે. આ બધું શિક્ષકની શકિત જ દર્શાવે છે ને ! આટલા માટે જ આટલા વર્ષો પૂર્વે મહાન સંસ્કૃત કવિ ચાણકય કહેતા હતા કે .... 'શિક્ષક કભી સાધારણ ઈન્સાન નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદ મેં ખેલતે હૈં.''

પ્રલય કે નિર્માણ જેની ગોદમાં રમ્યા કરે છે તે શિક્ષક ખરેખર સાધારણ વ્યકિત તો નથી જ ! વ્યાવસાયિક દષ્ટિએ જોતાં એવો કોઈ પણ દરજ્જો નથી, જે શિક્ષકના દરજ્જા કરતા ઉંચો હોઈ. આમ, તમામ ઉચ્ચા દરજ્જાની વ્યકિતના ઘડતરનો આધાર સ્તંભ શિક્ષક છે. સમાજમાં કોઈપણ ડોકટર એ અન્ય ડોકટરને, વકિલ અન્ય વકિલને, વૈજ્ઞાનિક અન્ય વૈજ્ઞાનિકનું નિર્માણ કરી શકતો નથી. પણ શિક્ષક જ એવી વ્યકિત છે કે જે ધારે તો વકિલ, ડોકટર, વૈજ્ઞાનિક તેમજ પોતાના જેવો બીજો શિક્ષક પણ તૈયાર કરી શકે છે.

દુનિયામાં દરેક સફળ થયેલ વ્યકિત પાછળ કોઈને કોઈ શિક્ષકનો થોડે – ઘણે અંશે ફાળો રહેલ છે. શિક્ષક એ તેના વિદ્યાર્થીનો મિત્ર, તત્વચિંતક તથા માર્ગદર્શક છે. માટે જ કોઈ નોવેલકાર લખે છે, 'A teacher is a friends, philosopher and guide.'

મિત્રો, આપણે જોયું શિક્ષકનું સમાજમાં સ્થાન શું છે ? પરંતુ વર્તમાન સમયના શિક્ષણ અને કથળતી ગુણવતાને કારણે હૈયા વરાળ રૂપી કેટલાક પ્રશ્નો છે :

- ‌ῡ શું વર્તમાન શિક્ષણના કથળવા પાછળ જવાબદાર શિક્ષક પોતે જ ?
- ‌ῡ શુંઆજનો શિક્ષક પોતાની જવાબદારી પ્રત્યે સભાન છે ?
- ‌ῡ આજનો શિક્ષક સ્વાર્થી કે પરમાર્થી ?
- ‌ῡ પ્રવર્તમાન શિક્ષકની શિક્ષણનીતિને કારણે શિક્ષકને ખરેખર માર્ગદર્શન મળે છે કે મજબુરીના કારણે વેઠ ઉતારવી પડે ?

કેમ દોસ્તો, તમે પણ મારી સાથે ચિંતાના સાગરમાંડૂબી ગયા ને ? આ અને આવા અનેક પ્રશ્નો છે. જના ઉતરો મારે, તમારે,આપણે સૌએ લાવવાના છે.

''હેમંશા યાદ રાખો, થોડું વાંચો, વધુ વિચારો !''

કમાણી સતિશ
ભૂતપૂર્વ તાલીમાર્થી

# વીણેલા મોતી.....



સાચા શિક્ષક પાસે માતૃ હૃદય હોય છે.
– ગિજુભાઈ

પ્રકૃતિ સૌથી મોટો શિક્ષક છે.
– રુસો

વેકેશન પૂરું થયું બગીચાનાં પુષ્પો
ફરી બુકેમાં ગોઠવાઈ જશે.

ડૂસકાં ભરતાં ભરતાં એક શિશુએ
શાળાના ઘંટને પૂછયું
"અહીં મંદિર કયાંછે ?"






ન રાખ જીવનમાં કોઈની પાસ આસ,
પછી કરી શકે કોણ તને નિરાશ ?

માતૃભાષાની મીઠાશ તો જુઓ
ખારા નમકને પણ મીઠું કહીએ છીએ.

ડંખ વગરના માણસો
પેદા કરવાનું કામ કેળવણીનું છે.

એક મીણબતી બીજી મીણબતીને પ્રજવલિત કરે છે,
ત્યારે પોતે કશું નથી ગુમાવતી.

શિક્ષણ એટલે જાણવું, શીખવું અને આચરવું.